CC-0. In Public Domain.Digitized by eGangotri.

MY-ART-WORLD

મારી ચિત્રસૃષ્ટિ

આર.એમ.રાવલ

૨૪

ચિત્રપૃષ્ટો

TWENTY FOUR PICTURES BY R.M.RAVAL

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અર્પણ

કુલ-લક્ષ્મીઓ

સૌ. સવિતા સૌ. પ્રભા સૌ. ભારતી

જેમણે તેજસ્વી પરિવાર આપી મારું કુળ ઉજાળ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મારી વાત

વીસમી સદીના પ્રારંભમાં સર્વ સુશિક્ષિત જનોનો સાધારણ અભિપ્રાય હતો કે ગુજરાતમાં કળાનો અભાવ છે. ઈ. ૧૮૯૨ થી ૧૯૦૭ સુધી રાજા રવિવર્માનાં લીથો ચિત્રો જ લોકોનું આકર્ષણ તેમ જ ગૃહશોભનમાં સ્થાન પામ્યાં હતાં. તેમનાં 'સરસ્વતી' અને 'લક્ષ્મી'નાં ચિત્રો તો પૂજાપાત્ર બન્યાં હતાં. ચિત્રોમાં બીજા સવિશેષ ગુણો, જેવા કે લય, રૂપરચના, અંગભંગિ, વસ્તુવિચાર, ભાવના કે સંસ્કૃતિ-સાધના હોવાં જોઈએ એવો વિચાર કરનારા ત્યારે વિરલ હશે. છતાં એ કાળના પ્રસિદ્ધ ચિત્રરસિકો રવિવર્માનાં ચિત્રો દ્વારા પોતાનો ચિત્રકળા-નાદ પરિતૃપ્ત કરતા.

ઈ. ૧૮૯૬માં મારા પિતાશ્રી રાજકોટના તાર-માસ્તર હતા, તે વખતે મારા શિશુ-વર્ગના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં આચાર્ય મંગળજીભાઈ ઓઝાએ નોંધ કરી હતી કે 'આ બાળકને ચિત્રો કરવાનો શોખ છે.' પણ મારા કુટુંબને તે બાબતમાં કશું મહત્ત્વ લાગ્યું નહોતું. પરંતુ મારા પિતાશ્રીના વિદ્વાન મિત્રોના, સદ્ગ્રંથોના અને સત્પુરુષોના સમાગમથી મારા મનમાં ઉચ્ચ આદર્શો અને ભાવનાઓ જાગ્રત થયાં હતાં. તેમ છતાં શાળાના શુષ્ક શિક્ષણ પ્રતિ મને બહુ જ અણગમો રહેતો.

ઈ. ૧૯૦૯માં હું મૅટ્રિક થયો ત્યારે શાળાઓમાં ચિત્રકામ (ડ્રૉઇંગ) પ્રથમ વાર દાખલ થએલું અને ભાવનગરની દરબારી હાઇસ્કૂલમાંથી હું પહેલવહેલો સેકન્ડ ગ્રેડની ડ્રૉઇંગ-પરીક્ષા આપનાર એકમાત્ર પ્રથમ વિદ્યાર્થી હતો. ૧૯૧૦માં મને સિવિલ એન્જિનીઅર બનાવવાને મારા પિતાશ્રીએ કૉલેજમાં મૂક્યો. તેની પહેલી ટર્મને અંતે કૉલેજનો રૌપ્ય મહોત્સવ આવ્યો તે વખતે તેના રંગમંચ માટે મેં જવનિકા અને પાર્શ્વચિત્રો ચીતરી આપ્યાં. તે જોઈ, પ્રિન્સિપલ સંજાણાએ મને બોલાવીને કહ્યું: 'બાવા! અહીં ભેજું ખરાબ ન કર. જા મુંબાઈ, સર જે. જે. આર્ટ સ્કૂલમાં...' અને મારું જીવન-લક્ષ્ય સંધાયું. જો કે ત્યાં પણ યુરોપના ધોરણે શિક્ષણ અપાતું અને એ પ્રેરણાહીન વાતાવરણમાં મેં ઘણી મુસીબત અનુભવી; તે છતાં અંતે સફળતાપૂર્વક પાર ઊતર્યો.

એ જ અરસામાં કોઈ ઈશ્વરી સંકેતથી મને મારા મુ. મિત્ર રણજિતરામ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મળી ગયા અને તેમણે 'વીસમી સદી' માસિકને જન્મ આપનાર હાજીમહમ્મદ શિવજીનો પરિચય કરાવ્યો. તેમણે મને એક નવોદિત કલાકાર તરીકે અપનાવ્યો. તેમના મારફત હું ગુજરાતના સર્વશ્રેષ્ઠ કવિઓ, સાક્ષરો અને લેખકોનો નિકટ પરિચય પામ્યો અને તેમની પાસેના ચિત્રકળાના આધુનિક ચિત્રસંપુટો ને ચિત્રગ્રંથોના પરિશીલનથી મારા કાર્યમાં ઘણો પરિપાક પામી પ્રસિદ્ધ થયો.

મુંબાઈમાં સ્વાસ્થ્ય સારું ન રહેવાથી ૧૯૧૯માં મેં અમદાવાદને મારું સ્થાયી કેન્દ્ર બનાવ્યું. ઈ.૧૯૨૧માં હાજીમહમ્મદ અકાળે અવસાન પામતાં કલાવિષયક સાહિત્ય આપનાર કોઈ પત્ર નહોતું, એટલે હાથ પર જોખમ લઈ મેં સન્મિત્રોના સહકારથી ૧૯૨૪માં 'કુમાર' માસિક શરૂ કર્યું. તે દ્વારા, મારા હાથ નીચે નિઃશુલ્ક અભ્યાસ કરી રહેલા તેજસ્વી તરુણોની ચિત્રકૃતિઓ આપી ગુજરાતમાં ચિત્રકળાનો બાગ બનાવ્યો. એ સર્વ તરુણોએ આજના ગુજરાતમાં મારું નામ દીપાવ્યું છે અને મને દેશવિદેશમાં પૂર્ણ યશભાગી બનાવ્યો છે.

આ પ્રસંગને સ્વ. બળવંતરાય ઠાકોરે તેમના 'ચિત્રકૂટ' નામના સૉનેટમાં બિરદાવતાં ગુજરાત માટે કહ્યું હતું કે, ગુજરાતના 'કઠણ રેત ટીંબા પરે' સાહિત્યદેવીના સાથમાં કલાદેવી પધારી છે તો અવનવાં રૂપ નિર્માણ થશે : 'રચીશું રૂપ-આભલાં.'

મારા મનમાં મહત્ત્વાકાંક્ષા હતી કે ઇંગ્લૅન્ડ, યુરોપ અને અમેરિકાની જેમ ગુજરાતનું સાહિત્ય ચિત્રમય થાય, સામાન્ય જન કળાઓમાં રસ લેતો થાય, તરુણોને સાહસકથાઓ, વિજ્ઞાન-પ્રયોગો ને પરાક્રમો પ્રતિ આકર્ષણ ને પ્રેમ થાય અને તેઓ ભારતીય તેમ જ પરદેશી શિષ્ટ કલાઓનો પરિચય ને આસ્વાદ પામે. મારી દૃઢ માન્યતા છે કે માણસની સર્વાંગી કેળવણીમાં લલિત કલાને પૂરતું મહત્ત્વ અપાવું જોઈએ. તે હેતુ ઘણે અંશે 'કુમાર' માસિક દ્વારા સફળ થયો છે; એમ મને લાગે છે. આજે તેને પચાસ વર્ષ થવા આવ્યાં છે.

મારે ચિત્રકલાની સાધના કરતાં કરતાં એક માસિકની સ્થાપના, ચિત્રશિક્ષણ, તંત્રીલેખો, કલાપરિચયો, પ્રવાસો, વ્યાખ્યાનો વગેરે અનેક પ્રવૃત્તિઓની સાથેસાથે પચીસ વર્ષ સુધી મને વળગી રહેલા દમ જેવા જીવલેણ વ્યાધિ અને આર્થિક ચિંતાઓ સહી લેવામાં ઘણી શક્તિ અને સમયનો વ્યય કરવો પડ્યો, તેથી મારી ઇષ્ટ સાધના ચિત્રકળામાં અનેક ક્ષતિઓ અને અપૂર્ણતા રહેવા પામી છે, તેથી હું અજાણ નથી. પરંતુ ગુજરાતમાં કલાની સભાનતા અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.
ભાવિ કલાકારો માટે વિશાળ કાર્યક્ષેત્ર તૈયાર થએલું જોઈ સમાધાન મેળવું છું.

એટલે ઈ. ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીની અલ્પાવધિમાં ખૂબ વ્યસ્ત રહેવા છતાં જે કાંઈ થોડીએક કલાકૃતિઓ હું સરજી શક્યો તે સામાન્ય જનને પ્રાપ્ય બને તેવા આશયથી રંગવિહોણાં સાદાં ચિત્રોના આ સંપુટનું પ્રકાશન કરી એ ચિત્રો વિષેની મારી ટૂંક નોંધ માત્ર રજૂ કરું છું. **ર. મ. રા.**

મારી ચિત્રસૃષ્ટિ

૧ નરસિંહ મહેતા : (ઈ. ૧૪૧૬ થી ૧૪૮૦ આશરે) ગુજરાતના આદ્ય કવિ ગણાએલા આ કવિનાં પદો ગુજરાતી પ્રજાનાં નિત્ય-સ્મરણ બન્યાં છે. તેમણે 'એક તું શ્રી હરિ' કહી તત્ત્વજ્ઞાનનો સાર આપ્યો અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ તેમના આદર્શ વૈષ્ણવનું નિરૂપણ કરતા પદને માનવજીવનના આદર્શો કરાવી નિત્યમનનના ભજન તરીકે આવકાર્યું છે. એવા કવિનું દેહસ્વરૂપ સરજતાં ચિત્રકારે ધન્યતા અનુભવી છે. નરસિંહ મહેતાની ૫૦૦મી જયંતી પ્રસંગે આ ચિત્રને ભારત સરકારની પોસ્ટ સ્ટૅમ્પ પર સ્થાન પામવાનું સદ્ભાગ્ય મળ્યું છે અને હવે તે સદા માટે પ્રજાનું ધ્યાન-સ્વરૂપ બન્યું છે.

૨ મીરાબાઈ : (૧૪૯૯ થી ૧૫૬૪) 'મેરે તો ગિરિધર ગોપાળ, દૂસરો ન કોઈ' એ ગીત-ગુંજનમાંથી આ ચિત્રનું નિર્માણ થયું છે. તદ્વિષયક આ એકમાત્ર ચિત્ર હોઈ ભાવભીના સજ્જનોએ તેને અપનાવી દિલ્હીના હિંદી ભવનમાં તેની મોટી ફોટોગ્રાફિક નકલ મૂકી છે અને ગુજરાતના પ્રાચીન સાક્ષરોના સંપુટમાં આ ચિત્રને સ્થાન મળ્યું છે.

૩ અખો : (૧૬૧૫ થી ૧૬૭૫) અખા ભગતની નિર્મળ નિર્ગુણ ભક્તિ અને તે યુગના ધર્મસંપ્રદાયોના પાખંડોનું તેમણે કડક જોશીલી વાણીમાં કરેલું સંશોધન ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. ધંધામાં પૂર્ણ પ્રામાણિકતા રાખતાં છતાં તેના પર શંકાનો આઘાત થતાં તેણે આત્મજ્ઞાનની ખોજમાં પ્રવાસ ખેડ્યો અને તેના અનુભવો કાવ્યો અને છપ્પામાં પ્રકટ કર્યા. હિંદી તેમ જ ગુજરાતીમાં તેનું સાહિત્ય તેના તીવ્ર વૈરાગ્ય અને જ્ઞાનચર્યાનું સાક્ષી છે. આ ચિત્ર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ તેના દેહ-સ્વરૂપનું કાલ્પનિક સર્જન હોવા છતાં ગુજરાતને ભાવી ગયું છે.

૪ પ્રેમાનંદ: (૧૬૩૬ થી ૧૭૩૪) પ્રેમાનંદ માણભટ્ટ કથાકાર હતા. કાવ્યના સર્વ ગુણોથી પ્રપૂર્ણ એવાં આખ્યાનો રચનાર આ મહાકવિને રંજ હતો કે ગુજરાતી ભાષાનું મૂલ્ય તે કાળના ભારતમાં એક રૂપિયામાં 'શું શાં પૈસે ચાર' એમ હલકું ગણાતું. પણ 'સંસ્કૃત કથાને સ્થાને તેમનાં કાવ્યો વંચાતાં થયાં ત્યાં સુધી તેમનું પણ હતું કે માથે પાઘડી ન મૂકવી.' એ કારણથી ચિત્રમાં કવિ કોઈ ગુજરાતી પોળમાં માણ બજાવતા ખુલ્લે માથે કથા કરી રહ્યા છે અને પાઘડી બાજુમાં રાખી છે. એતદ્દેશીય વાતાવરણ અને સામાજિકનું આલેખન કરતું આ ચિત્ર ગુજરાતના સુશિક્ષિતોને પ્રતીતિકર લાગ્યું છે. વડોદરામાં આજે તે કૉલેજના આંગણમાં કાંસ્ય-પ્રતિમા બનેલું છે.

૫ કવિ કાલિદાસ: ભારતના આ કવિવર ગુપ્ત સમયમાં ઉજ્જયિની રાજ્યસભાના રત્ન હતા. ઓજસ્વી ને અમર સંસ્કૃત કાવ્યોના આ પ્રાસાદિક સર્જક વિશ્વની વિભૂતિ ગણાયા છે. તેમને કાવ્ય અને સંગીતના ગુંજનભર્યા વાતાવરણમાં કલ્પવાનો એક લહાવ છે.

૬ હેમચંદ્ર સૂરિ: કલિકાલસર્વજ્ઞનું ઉપમાન ધરાવતા આ જૈન સૂરિ ગુજરાતના સોલંકી રાજવંશ શિરોમણિ જયસિંહદેવ સિદ્ધરાજના સન્માનિત પંડિતવર્ય હતા. રાજાધિરાજ જયસિંહ શૈવધર્મી હોવા છતાં સૂરિજીએ કરેલા સિદ્ધ-હૈમ વ્યાકરણના ગ્રંથને ગુજરાતની વિદ્વત્તાનું ગૌરવ ગણી તેને હાથી પર સ્થાપી નગરમાં પધરામણી કરી હતી. એ મહાન પુરુષના એક પ્રશસ્તિપટમાંના આછા રેખાચિત્ર પરથી આ ચિત્ર રચાયું છે.

૭ મુંજાલ: જયસિંહ સિદ્ધરાજનું બાલ્યાવસ્થાથી તરુણ અવસ્થા સુધી સંગોપન કરી, તે સમર્થ રાજવીનું બિરુદ પામ્યો ત્યાં સુધી તેની રાજધાની પાટણ અને સમગ્ર સામ્રાજ્યનો વહીવટ અને રક્ષણ સંભાળનાર મહાઅમાત્ય મુંજાલનું સાંગોપાંગ ચિત્રણ શ્રી કનૈયાલાલ મુનશીની નવલકથા 'ગુજરાતના નાથ'માં મળે છે. તેના આધારે આ પાત્ર ચિત્રાંકિત થતાં લેખક શ્રી મુનશીજી અને બીજા અનેક ગુર્જર સાક્ષરોએ તેને સાદશ ગણી વધાવી લીધું છે.

૮ રાણી લક્ષ્મીબાઈ: ઝાંસીની આ શૂર રાણીએ બ્રિટિશ જોહુકમીને પડકાર આપી ૧૮૫૭ની ક્રાન્તિમાં આત્મસમર્પણ કર્યું. તેની વીરગાથા ભારતના

(અનુસંધાન: પાછળનાં પાનાંઓ પર)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



नरसिंह महेता Narasinh Mehta, Gujarati Poet (1416–1480 circa)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मीराबाई Mirabai, poet devotee of Krishna (1499-1564: circa)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



अखो Akho, A Gujarati Poet (1615-1675 circa)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



प्रेमानंद Premanand, A major Gujarati Poet (1636–1734 circa)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कवि कालिदास Poet Kalidas (Gupta period)

Vasant Bhatt Collection, Gujarat

हेमचंद्र सूरि
Hemchandra Suri
Leading Jain saint & scholar
(11th century)



CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मुंजाल Munjal, Prime Minister of Patan (11th century)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



राणी लक्ष्मीबाई

Rani Lakshmibai of Zansi, A Leader in the 1857 mutiny

Vasant Bhatt Collection, Gujarat

यम–नचिकेता
Nachiketa at the door of Yama (From a Vedic lore in Kathopanishad)

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



परशुराम Parashuram, A Vedic Hero

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



भरत अने मृग Old hermit King Bharat and his pet deer

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

श्रीमती Shrimati, Palace-maid & devotee of Buddha on her way to see the divine, defying the ban of King Ajatashatru

Vasant Bhatt Collection, Gujarat

चांदापोळी Moon-Nector offered to her child by a village mother : a rural scene



CC-0. In Public Domain. Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



चंद्र-कुमुद

An allegory: The spirit of lotus awakened by the moon–touch

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



कैलासमां रात्री

Lord Shiva watching his wife Parvati, in his abode Kailas, at night

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

जीवन-संगीत

Symphony of life. A happy family of flying Gandharvas

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पाछो मव्यो

A mother recovers her lost son during a communal riut (A true event)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कृषि-कन्या

A Saurashtra peasant-girl with Javara (grain shootings)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सायुज्य
Harmony of life (flute & dance)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अंध दादा Blind grand father & grand son : from real characters

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri.

मीनाक्षी मंदिरे

Primitive young couple moving through the labyrinth of the Meenakshi temple to solemnize their marriage

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

गांधीजी

Gandhiji, A bust painted directly from life (1921)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सद्यालेखो | Gleanings from the sketch-books of the artist

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सद्यालेखो Gleanings from the sketch-books of the artist

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.
કોઈ પણ લેખક યા કલાકારને આહ્વાન કર્યા વિના રહેતી નથી. રાણી હમેશાં પઠાણી પોશાકમાં દુશ્મનો પર પુણ્ય પ્રકોપ ધરાવતી નજરે પડતી. દૂર તેનો અશ્વપાલ તેનો અશ્વ સંભાળી રહ્યો છે, અને રાણી પોતે ગઢના ઊંચા ભાગમાંથી શત્રુઓનો ઘેરો નીરખી રહી છે.

૯ યમ-નચિકેતા : કઠોપનિષદની કથાનું મુખ્ય પાત્ર નચિકેતા. પિતાએ યજ્ઞદાનમાં તેને યમદ્વારે મોકલી આપ્યો તે વખતે યમરાજ બહાર ગએલા. ત્રણ દિવસે તેઓ આવ્યા ત્યાં સુધી આ બાળકે ઉપવાસ કર્યા, તેથી ખેદ પામતા યમરાજે તેને પ્રત્યુપકાર રૂપે ત્રણ વરદાન આપ્યાં. નચિકેતાએ જે વરદાન માગ્યાં તથા જીવન–મૃત્યુ–ઈશ્વરના ભેદ જાણવા જે પ્રશ્નો કર્યા તે કઠોપનિષદ રૂપે પ્રસિદ્ધ છે. ભારતના તત્ત્વજ્ઞાનની ચર્ચામાં નચિકેતા અમર બાળક છે.

૧૦ પરશુરામ : પૂર્વ રામાયણકાળમાં પરમ ભાર્ગવ પરશુરામે ૧૮ યુદ્ધો કરી સર્વ ક્ષત્રિયોને પરાસ્ત કર્યા. નર્મદાકિનારા પર તેમનો આશ્રમ હતો, ત્યાં બેઠા એ કોઈ નવા આક્રમણનું ચિંતન કરતા દેખાય છે. આ વૈદિક વીર પુરુષ ભારતીય ગાથાઓમાં અપૂર્વ વ્યક્તિ છે.

૧૧ ભરત અને મૃગ : ભરત રાજા વાનપ્રસ્થ ગાળવા વનમાં આશ્રમ બાંધીને રહ્યા. એક સવારે ઝરણ કૂદતાં તણાયેલા હરણબાળને બચાવી લાવ્યા, પાળી-પોષી મોટું કર્યું અને તેના સ્નેહમાં બંધાયા. તે વિષેની કવિ 'કલાપી'ની કાવ્યપંક્તિ : 'રાગ ને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું.' –ની પ્રેરણા પર આ રચાયું. ચિત્રકારનાં આદિ સર્જનોમાં ગુજરાતી સાહિત્યનો મોટો ફાળો હતો.

૧૨ શ્રીમતી (બુદ્ધદાસી) : કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કાવ્ય પરથી પ્રેરિત આ ચિત્ર છે. બુદ્ધના જીવનકાળમાં રાજા અજાતશત્રુએ બુદ્ધ ભગવાનના ઉપદેશોને અનુસરનાર પર દેહાંતદંડની સજા ફરમાવી હતી. નગરના ઉપવનમાં ભગવાન બુદ્ધે વિહાર કર્યો તે વખતે કોઈ નગરજનો તેમની પાસે જઈ શકયા નહિ. મધ્યરાત્રિએ દાસી શ્રીમતી બુદ્ધ ભગવાનને અર્ઘ્ય આપવા નીકળી અને પ્રભાતમાં રાજાજ્ઞા પ્રમાણે પ્રાણાર્પણ કર્યું. ભક્તિની પરાકાષ્ઠા અને નારીસત્ત્વને અર્ઘ્ય આપતું કરુણાન્ત ચિત્ર.

૧૩ ચાંદાપોળી : ચિત્રકારે ગ્રામજીવનના સાદા સજીવ દૃશ્ય વચ્ચે ગ્રામવાસની કોઈ ખડકીના ચૉકને ઓટલે માતાને પોતાના બાળકના મુખમાં ચંદ્રનું અમૃત ધરતી બતાવી છે. વિશ્વના સમસ્ત માતૃભાવનું આ એક પ્રતીક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.
છે. તેમાં રંગપૂરણી અને ચિત્રનિયોજનની પૂર્ણ સાદગી રાખવા છતાં કવિતા અને વાસ્તવિકતાનો સંબંધ અખંડ જળવાયો છે.

૧૪ ચન્દ્ર-કુમુદ: ચંદ્ર નીરખતાં શ્વેત કુમુદ રાત્રિને સમયે વિકસે છે. એ નૈસર્ગિક સત્યને નિરૂપતા આ ચિત્રમાં સુપ્ત કુમુદના આત્માને જગાડતા આલિંગતા ચંદ્રના કરો (કિરણો) દ્વારા ચંદ્ર-કુમુદના પ્રેમનું પ્રતીક જોવા મળે છે.

૧૫ કૈલાસમાં રાત્રિ: કૈલાસ શિવનું નિવાસધામ છે. શિવ પરબ્રહ્મનું સ્વરૂપ છે, તો શિવપત્ની પાર્વતી વિશ્વનું–નિસર્ગનું દૃશ્ય સૌન્દર્ય છે. તેની સુપ્ત અવસ્થામાં પણ શિવ પરબ્રહ્મ જાગ્રત રહી પ્રેમભર્યા વિશ્રંભથી અંકમાં સૂતેલાં મહામાયા પાર્વતીને નીરખી રહ્યા છે, જ્યારે સર્વ ચરાચર સૃષ્ટિ મૌન તંદ્રામાં છે. 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી'નું સ્મરણ કરાવતું ચિત્ર.

૧૬ જીવન-સંગીત: ચિત્રકારે ૧૯૨૭માં ઔંધ નરેશના ચિત્રકાર-મંડળના સાથમાં અજંતાના નિવાસમાં ગુફાગર્ભિત ચિત્રોનો પરિચય અને અભ્યાસ કરીને, તેની શૈલીનું તાદાત્મ્ય પ્રાપ્ત કરી એક નવલું સર્જન કર્યું છે અને તેમાં કુટુંબજીવનની પરિતૃપ્તિ અનુભવતું એક ગાંધર્વ યુગલ બાળક સહિત આકાશમાર્ગે સંગીત લહરાવતું ગમન કરતું દેખાય છે. પ્રત્યેક માનવી નિજ જીવન-પરિતૃપ્તિમાં આ જીવન-સંગીત અનુભવી શકે છે.

૧૭ પાછો મળ્યો: કોમી રમખાણોના દિવસોમાં એક નગરમાં માતાનો બાળક ગુમ થયો. ઉત્તર ભારતના રેલવે-સ્ટેશનની પાસે શોધ કરતી માતાને પુત્ર મળી ગયો અને બાળક માતાની ગોદમાં ભરાઈ ગયો. ચિત્રકારે ટ્રેઇનમાંથી આ હૃદયદ્રાવક દૃશ્ય જોયું અને તરત ચિત્ર-નોંધ કરી પછીથી ચિત્ર ઊપજાવ્યું.

૧૮ કૃષિકન્યા: રાજપૂત કળાની સાદગી અને સ્વચ્છ રંગપૂરણીથી પ્રભાવિત થતાં તે શૈલીની સહાયથી આધુનિક વાસ્તવિક જીવનમાંથી આ ભૂમિપુત્રીનું ચિત્ર નિર્માયું છે. સૌરાષ્ટ્રનો ગ્રામસીમાડાનો ભૂમિપ્રદેશ અને કૃષિબાલિકાના હાથમાં જુવારારાત્રતની થાળી ભારતીય જીવનના કોડ પ્રત્યક્ષ કરાવે છે.

૧૯ સાયુજ્ય: નરનારીની સુરાવટ અને તાલમાંથી ઉત્પન્ન થતી એકધારી લયબદ્ધતા તેમનામાં એકતાનું તાન જગાડે છે તેનો ધ્વનિ આ ચિત્રમાં જણાશે. રેખાઓ અને અંગલાલિત્યમાં એનાં સ્પંદનો પ્રકટ થાય છે.

૨૦ અંધ દાદા: ભવિષ્યની આશા સમો બાલ પૌત્ર વૃદ્ધ દાદાનો હાથ પકડી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri
રસ્તે દોરી રહ્યો છે અને દાદાને મુખેથી પુરાણા અનુભવો અને પ્રસંગોની વાતોથી વાત્સલ્યના ભાવે પ્રફુલ્લિત ઉત્સાહિત ઉમંગભર્યો લાગે છે. પુરાણ અને વર્તમાનનો આ રીતે સુભગ સંગમ થાય છે.

૨૧ મીનાક્ષી મંદિરે : આ ચિત્ર આધુનિક અકાદમીનાં અભ્યાસ-બંધનોથી મુક્ત થએલી ભાવછાયાની અસરથી દોરાયું છે. દક્ષિણમાં મીનાક્ષીદેવીના લગ્ન-દિવસને જ સુમુહૂર્ત માની લઈ સુષ્ઠુ દેહ-સંપત્તિવાળાં અનેક વન્ય યુગલ ત્યારે અર્ઘ્યનાં ફળ-ફૂલ સાથે પરસ્પરનો હાથ પકડી દેવીની પ્રદક્ષિણા કરી પોતાની સાચી લગ્નવિધિ માની લે છે. તેમાંનું આ એક સાદૃશ્ય છે.

૨૨ ગાંધીજી : ગાંધીજીને ફોટોગ્રાફી પ્રતિ પૂર્ણ અભાવ હતો, પણ હાથના ચિત્રકામ માટે આદર હતો. આથી તેમના અંતેવાસી ચિત્રકારના મિત્રોએ તેમનું ચિત્ર હાથે કરવા રજા મેળવી આપી. એક સવારે ચિત્રકાર કેનવાસ અને રંગો લઈ તેમની સમીપ ગોઠવાયો ત્યારે તેમણે સ્વમુખે કહેલું : 'જુઓ ભાઈ, તમે તમારું કામ જાણો. હું તમને કોઈ પ્રકારે એક બેઠક અથવા સગવડ આપી શકું તેમ નથી. હું મારું કામ કરતો જ રહીશ.' ચિત્રકારે મૌનપણે બે કલાક કામ કરી તેમનું છાતી સુધીનું આદમકદ ચિત્ર પૂરું કર્યું. અંતેવાસીઓએ મૌનપણે પ્રસન્નતા બતાવી, પણ ગાંધીજીએ તો એટલું જ કહ્યું કે 'તમારું કામ પતી ગયું હોય તો જાવ.' આ મૂળ ચિત્ર ગુજરાત વિદ્યાપીઠને ભેટ થયું હતું. આજે તે ક્યાં છે તે જણાયું નથી; પણ તેનો ફોટોગ્રાફ રહી ગએલો તે અહીં છાપવાથી ચિત્રકામનો પ્રસંગ સચવાયો છે. (૧૯૨૧)

૨૩–૨૪ સ્કેચીઝ અથવા સદ્યચિત્રો : ચિત્રકારને હમેશાં તેની આંખ અને કલમ સજ્જ રાખવાં પડે છે, જેથી કોઈ અસાધારણ દૃશ્ય કે યોગ્ય વસ્તુ, પ્રસંગ કે પાત્ર નોંધી લેવાય. એ રીતે રાત્રે, દિવસે કે સવારે અને નાનાવિધ સ્થળે તત્કાળ કરેલી અસંખ્ય નોંધોની ચિત્રપોથીઓમાંથી તારવેલા કેટલાક નમૂના અહીં આપ્યા છે. ગતિ, સ્થિતિ, રૂપ કે પ્રકૃતિના આવા અપાર સાગરમાંથી જ ચિત્રસંયોજનો થાય છે અને થયા કરશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જીવનક્રમ

૧૮૯૨ ૧ ઑગસ્ટ જન્મ – ભાવનગરમાં
૧૯૦૯ ભાવનગરમાં મૅટ્રિક અને લગ્ન
૧૯૧૫ ગુજરાતી સાહિત્ય પરિષદ (સૂરત)નો કલા માટેનો રૌપ્યચન્દ્રક
૧૯૧૬ મુંબાઈ સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટનો મેયો મેડલ
૧૯૧૭ બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચન્દ્રક: વર્ષની શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટેનો
૧૯૧૯ અમદાવાદમાં કેન્દ્ર
૧૯૨૩ કલકત્તા કલા-ઉદ્યોગ પ્રદર્શનના પોસ્ટર માટે બીજું ઈનામ
૧૯૨૪ 'કુમાર'ની સ્થાપના
૧૯૨૫ ગલિયારા પારિતોષિક
૧૯૨૭ અજંતામાં એક માસ · પરિશીલન અને ચિત્રકામ
૧૯૩૦ રણજિતરામ સુવર્ણચન્દ્રક
૧૯૩૬ જાપાનનો ત્રણ માસનો પ્રવાસ
૧૯૩૮ કરાચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના કલા વિભાગના અધ્યક્ષ
૧૯૪૧ શાન્તિનિકેતનમાં 'વર્ષા પર્વ'ના અતિથિવિશેષ તરીકે–ત્યાંથી ઉત્તર ભારતની કલાસંસ્થાઓ, કલાકારો, વિવેચકો ને સંગ્રહ–અધિકારીઓનો સંપર્ક
૧૯૪૧ આર્ટ સોસાએટી ઑવ ઇંડિયાના અધ્યક્ષ
૧૯૪૧ મુંબાઈ પ્રાંતની કલાપરિષદના પ્રમુખસ્થાને
૧૯૪૯ કુલુ પ્રદેશના નગર મુકામે વિખ્યાત રશિયન કલાકાર મહર્ષિ રોરિકના અતિથિ
૧૯૫૧ અખિલ ભારત કલાપરિષદ કલકત્તા
૧૯૫૨–૫૩ વિયેના વિશ્વશાંતિ પરિષદમાં તથા સોવિયેત પ્રદેશમાં ત્રણ સપ્તાહ
૧૯૬૫ 'સોવિયેત લૅન્ડ'નો નેહરુ ઍવૉર્ડ
૧૯૬૫ ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નું સન્માન
૧૯૭૦ કેન્દ્રીય લલિતકલા અકાદમી તરફથી 'ફેલોશિપ' ઍવૉર્ડ તથા તામ્રપત્ર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આભાર

- આ પ્રકાશનને પોતાની ચીવટથી રૂપ આપવામાં રસ ધરાવતા મારા સન્મિત્ર, કુમાર કાર્યાલયના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી બચુભાઈ રાવતનો અને એમના સહકારીઓનો
- મારાં કેટલાંક ચિત્રોના બ્લૉકો ધીરવા માટે કુમાર કાર્યાલય લિમિટેડનો
- ગુજરાતની કલા માટે સ્વાભિમાન ધરાવતા ગુજરાત-પ્રેમી વિદ્વાનોનો, જેમની વાણીએ મને કાવ્યમય પ્રેરણા આપી છે.

પહેલી આવૃત્તિ · ઈ. ૧૯૭૩

પાંચ રૂપિયા

મુદ્રક : બચુભાઈ રાવત · કુમાર પ્રિન્ટરી · રાયપુર · અમદાવાદ-૧

પ્રકાશક : રવિશંકર મ. રાવળ · ૪૪ બ્રાહ્મણ મિત્રમંડળ સોસાએટી એલિસબ્રિજ · અમદાવાદ-૬

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મારાં પ્રકાશનો

* હાજીમહમ્મદ સ્મારક-ગ્રંથ (૧૯૨૨)
  'કુમાર' માસિક : સંસ્થાપક અને તંત્રી તરીકે લેખો, ચિત્રો, સ્કેચો (૧૯૨૪-૧૯૪૨)
* સોળ સુંદર ચિત્રો
* અજંતાના કલામંડપો (બે આવૃત્તિઓ, ત્રીજી છપાય છે)
* અજંતા કે કલામંડપ (હિંદી આવૃત્તિ)
* ભારતીય ચિત્રાંકન (૧૯૪૪)
* કલાકારની સંસ્કારયાત્રા (૧૯૪૪)
  કલાચિંતન (બે આવૃત્તિ)
  કનૈયાલાલ મુનશીની પાત્રસૃષ્ટિ
  મેં દીઠાં નવાં માનવી
  ડૉ. જેઈમ્સ કઝિન્સ
  આત્મકથાનક ભાગ ૧ (૧૯૬૭)
  ચિત્રકલા-સોપાન (૧૯૭૩)
  મારી ચિત્રસૃષ્ટિ (૧૯૭૩)
* આ નિશાનીવાળાં પ્રકાશનો અપ્રાપ્ય છે.

Vasant Bhatt Collection, Gujarat